


મહાજાતિ
ગુજરાતી
ચંદ્રકાંત બક્ષી


મહાજાતિ
ગુજરાતી
ચંદ્રકાંત બક્ષી

ક્રમ

એણે થોડું જ્ઞાન આપ્યું હતું અને પછી ૧૯૪૦-૪૧ આસપાસ મુસ્લિમ વિસ્તારોમાં જોયેલું જીવનનું એ પ્રથમ દૃશ્ય હજી સુધી અંકિત છે. ખિડકીઓ, ઝરૂખાઓમાં કાળાં કપડાં પહેરેલી સ્ત્રીઓ દેખાતી હોય, રસ્તા પર કાળા કુર્તા કે ખુલ્લી છાતીઓવાળા પુરુષો, એક લયમાં લગભગ છાતી પીટતા હોય, છાતી લાલચોળ થઈ ગઈ હોય, વાળ ફેંદાઈ ગયા હોય, આંખો અંગારા જેવી તગતગતી હોય અને તાબૂત નીકળતાં હોય ! તાબૂતના મિનારા પર ભડકદાર લીલો, સોનેરી, બ્લ્યૂ, ટ્રેસિંગ પેપર ધૂપમાં ચમક ચમક કરતો હોય. એ સમયે પણ મારી નાની શહેરી આંખોમાં આ લહેરાતા કાળા રંગો અને ધબકતી લયે ભરપૂર આશ્ચર્ય અને વિસ્મય પૂરી દીધેલાં. ઘરે આવીને 'ધાઉસેન'નું વર્ણન કર્યું ત્યારે ખબર પડી કે આ અવાજો હતા : 'યા હુસેન ! યા હસન !'

પછી શિયા પ્રજાની તવારીખ, એની પૂરી ગમગીની અને રંગીની સાથે ખૂલતી ગઈ. ખોજા શિયાપંથી છે અને શિયા મજહબી ધારાને સમજ્યા વિના ખોજાઓના અસ્તિત્વને સમજી શકાય નહીં. બેશુમાર પુસ્તકો લખાયાં છે. બહુ ઓછી પ્રજાઓનો ભૂતકાળ આટલો લોહીલુહાણ છે, પણ રક્તથી ધોવાયેલા ઇતિહાસે એમને નિયતની પાકી અને ખયાલોની બુલન્દી આપી છે.

આવતી કાલે તમે તમારા ઈસ્માઈલી ખોજા મિત્ર કે વ્યવસાયી સંબંધીને મળો ત્યારે 'સલામ અલૈકુમ' ન કહેશો. તમે કહેજો : 'યા અલી મદદ !' અને તમે સામેવાળાની આંખોને ચમકતી જોશો. તમને જવાબ મળશે : 'મૌલા અલી મદદ.' સામેનો માણસ ઈસ્માઈલી છે કે નહીં એનું આ સૌથી સાબૂત પ્રમાણ છે ! આ ઇતિહાસ પુરુષ હજરત અલી ખોજા જીવનના કેન્દ્રસ્થાને છે. તવારીખમાં બહુ ઓછી વ્યક્તિઓએ એક સમસ્ત કોમની જિંદગી પર આટલી વિરાટ અસર કરી છે.

મુસ્લિમોમાં બે જાતિઓ મુખ્ય છે : સુન્ની અને શિયા ! સુન્ની વિશ્વમાં બહુમતીમાં છે. શિયા ઈરાનમાં બહુમતીમાં છે. ભારતમાં લખનૌનો વિસ્તાર શિયા પ્રદેશ છે. ગુજરાતી મુસ્લિમોમાં વહોરા અને ખોજા મુખ્યત્વે શિયા છે (વહોરાઓમાં થોડા સુન્ની પણ છે) અને મેમણ સુન્ની છે.

આ બન્ને જાતિઓમાં ઐતિહાસિક ફર્ક તો છે જ પણ થોડો ધર્મવિધિનો ફર્ક પણ છે. સુન્ની કલમો પઢે છે : 'લાઈલાહ ઈલ્લલ્લાહ મુહંમદર્રસૂલુલ્લાહ ! શિયા આ જ લાઈનમાં થોડો ઉમેરો કરે છે : 'અલી યુન વલી અલ્લાહ !' શિયા પ્રથમ ચાર ખલીફોને માન્યતા આપતા નથી. એ હજરત અલીનાં પત્ની બીવી જ. ફાતિમાને સ્ત્રીઓમાં શ્રેષ્ઠ ગણે છે. સુન્ની દિવસમાં પાંચ વખત નમાઝ પઢે છે, જ્યારે શિયા દિવસમાં ત્રણ વખત પઢે છે. કરબલાની પાક મિટ્ટીની મોહર બનાવીને જમીન પર મૂકીને સિજદો કરતી વખતે માથું ટેકાવવાની પ્રથા શિયાઓમાં છે. શિયા માત્ર હજરત મહમ્મદ પયગંબરમાં જ માનતા નથી, પણ હજરત અલી, બીવી ફાતિમા, પુત્રો ઈ. હસન તથા ઈ. હુસેનની સાથે પયગંબરનું નામ ઉમેરીને આ પાંચેને માટે 'પંજતન' શબ્દ વાપરે છે. સુન્ની હાથ બાંધીને નમાઝ પઢે છે, શિયા હાથ છૂટા રાખીને નમાઝ પઢે છે. સુન્ની હજરત અબુબકર, હ. ઉમર, હ. ઓસમાન અને હજરત અલીનાં નામો ખુતબામાં ભણે છે, મસ્જિદોની દીવાલો પર એમનાં નામ લખે છે. શિયા આ કબૂલ કરતા નથી. એક ખોજા લેખકના શબ્દોમાં : 'હજરત મહંમદને અલ્લાહના રસૂલ અને કુરાનને અલ્લાહનાં વચનો તરીકે માનવા સિવાય સુન્ની અને શિયા એકબીજા સાથે બીજી થોડી જ બાબતોમાં મળતા આવે છે.'

પીર સદરુદ્દીનથી ભારતીય ખોજાઓનો ઈતિહાસ શરૂ થાય છે એમ કહી શકાય. પણ ત્યાર પહેલાં ખોજા પ્રજાનો એક મહત્ત્વનો

ફાંટો 'ઈસ્નાઅશરી ખોજો' શરૂ થઈ ચૂક્યો હતો જે વિશે સ્પષ્ટતા જરૂરી છે.

હજરત અલીની છઠ્ઠી પેઢી પછી સાતમી પેઢીના ઈસ્માઈલના અનુયાયીઓ ઈસ્માઈલી ખોજા છે એ પ્રથમ ફાંટો ! પણ એમના જ ભાઈ હ. મુસા-અલ-કાઝિમના અનુયાયીઓ ઈસ્નાઅશરી ખોજાઓનો બીજો ફાંટો છે. શિયા શબ્દનો અર્થ થાય છે – દોસ્ત ! 'અશરી' એટલે દસ અને 'ઈસ્ના' એટલે બે – એમ કુલ બાર ઈમામને માનનારા એ ઈસ્નાઅશરી કહેવાયા ! લખતી વખતે 'ખોજા શિયા ઈસ્માઈલી' અને 'ખોજા શિયા ઈસ્નાઅશરી' એમ લખાય. ઈસ્માઈલીઓ આગાખાનને માને છે, ઈસ્નાઅશરી નથી માનતા. ઈસ્માઈલી મોટી જમાત કહેવાય. એમનું જમાતખાનું હોય, જ્યારે ઈસ્નાઅશરી નાની જમાત છે અને એમના ધર્મજીવનનું કેન્દ્ર મસ્જિદ છે. બારમા ઈમામ હ. મહમ્મદ-અલ-મહેદી સન ૮૭૩માં અજ્ઞાતવાસમાં ગયા પછી એમના પ્રકટ થવાની અપેક્ષા રહે છે. ઈસ્નાઅશરી ખોજાઓની મુખ્ય વસતી મુંબઈમાં છે. એ પછીનાં મોટાં કેન્દ્રો ભાવનગર અને મહુવા ગણી શકાય.

હમણાં સુન્ની ખોજાઓનો નવો વર્ગ પણ ઉપસ્થિત થયો છે. ઈસ્માઈલી ખોજા ઉત્સવોમાં વધારે માનતા હોય છે, ઈસ્નાઅશરી ખોજા માતમ અથવા શોકના પ્રસંગોને વિશેષ ધાર્મિક મહત્ત્વ આપતા હોય છે.

૧૪૩૦માં પીર સદરુદ્દીન સિંધમાં રહ્યા, હિંદુ ધર્મનો તલસ્પર્શી અભ્યાસ કર્યો, 'સોહદેવ જોષી' નામ ધારણ કરીને ધર્મશિક્ષણ શરૂ કર્યું. પહેલું જમાતખાનું 'ખાનાહ' નામથી ઓળખાયું. જે વટલ્યા એમને આપણે ખ્વાજા કે ખોજા નામથી ઓળખીએ છીએ. ત્રિકમ નામના માણસને 'મુખી' બનાવ્યો. એ જ અરસામાં પીર

Pir Sadruddin = Sahdev Joshi

શમ્સ પણ આવ્યા હતા અને એમણે કાશ્મીરમાં ઈસ્માઈલી બનાવ્યા હતા. આમ સાડા ચારસો વર્ષ પૂર્વે પીર સદરુદ્દીન સાથે ખોજાઈતિહાસ શરૂ થાય છે.

ભારતના સ્વાતંત્ર્ય ઈતિહાસમાં હિઝ હાઈનેસ ધ આગાખાનનો ઉલ્લેખ આવે છે. મુસ્લિમ લીગની સ્થાપનામાં એમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. એમના પુત્ર અલીખાન હોલીવુડની પ્રસિદ્ધ અભિનેત્રી રીટા હેવર્થને પરણીને જગજાહેર થયા હતા. આજે કરીમ આગાખાન ધર્મના વડા છે. ખોજા એમને હાજર ઈમામ માને છે !

પીર સદરુદ્દીન ગુજરાતી ભાષાના પ્રથમ કવિ હતા એવું કેટલાક ખોજા માને છે. એમણે કુરાનનો બોધ કવિતાના સ્વરૂપમાં રચ્યો છે અને એને 'ગિનાન' (જ્ઞાન) કહેવાય છે. નમાઝ પછી ગિનાન વાંચવાનો ખોજાઓમાં નિયમ છે. આ ગિનાન હજારોની સંખ્યામાં છે. છેલ્લા ત્રણ આગાખાનોની પત્નીઓ યુરોપિયન હતી અને છે. 'ધ ગ્રેટ આગા' નામથી પશ્ચિમમાં ઓળખાતા ધર્મગુરુ પાછલા દિવસોમાં ફ્રાંસના સમુદ્રકિનારે રમણીય 'કાન' ગ્રામમાં જ બહુધા રહેતા હતા. એમની પાસે બહુ ઊંચી નસ્લના ઉમદા ઘોડા હતા અને દુનિયાનાં રેસ-મેદાનોમાં પણ આગાખાનના ઘોડા ઘણાં ઈનામ-અકરામ જીત્યા હતા. કરીમ આગાખાન દુનિયાભરમાં ફરતા રહે છે, એમના અનુયાયીઓ-ભક્તોને મળતા રહે છે અને અદનામાં અદનો ખોજો એમની પાસે જઈને પત્ર આપી શકે છે, શિકાયત કરી શકે છે, દુવા માગી શકે છે. આગાખાનની હાજરીમાં જવા માટે એક પણ પૈસો આપવો પડતો નથી.

ઈસ્માઈલી ખોજા કમાણી પર ૧૨ ૧/૨ ટકા જકાત એટલે કે દર હજાર રૂપિયે એકસો પચીસ રૂપિયા ધર્મગુરુને આપે છે. આ ધન કૌમની મુશ્કિલાતનો હલ કરવામાં વપરાય છે. ઈસ્માઈલી ખોજા અત્યંત ધનિક જાતિ છે એટલે આ ભંડોળ કરોડોમાં થાય છે. આ

Ginan = Kuran's teachings

ધનનો હિસાબ અપાય છે ? આ ધનનું કોણ સંચાલન કરે છે ? આગાખાનની અર્થતંત્ર વ્યવસ્થા કેવી છે ?

કરાંચીથી ભારત આવેલા શ્રી અને શ્રીમતી મહમ્મદભાઈ ચુનારા સામે આ પ્રશ્નો મૂક્યા ત્યારે એમના ઉત્તરો સ્પષ્ટ હતા. મહમ્મદભાઈ આગાખાની તંત્રના ઊંચા અફસર છે. એ 'કામડિયા' અર્થાત્ હિસાબનીશ રહી ચૂક્યા છે. અંગ્રેજી બોલતાં શ્રીમતી ચુનારા પણ 'કામડિયાણી' રહી ચૂક્યાં છે અને સ્ત્રીઓના ધાર્મિક પ્રશ્નો એમણે જોવાના રહે છે.

હિસાબ માગવાનો કોઈને અધિકાર કે હક નથી. આગાખાની તંત્રનો દરેક અફસર એક પણ પૈસો લીધા વિના સમાજસેવા કરે છે ! બીજી અત્યંત મહત્ત્વની વાત : કરીમ આગાખાનનાં સગાં હોવાને લીધે કોઈને હોદ્દા અપાતા નથી. આ આંતરરાષ્ટ્રીય તંત્ર એક સમાંતર સરકાર જેવું છે અને સમજવા જેવું છે.

સૌથી ઉપર 'ફેડરલ કાઉન્સિલ' છે જે કેન્દ્ર સ્થાને છે અને એ એક દેશ માટે હોય છે. દૃષ્ટાંત રૂપે ભારત અને પાકિસ્તાનની કાઉન્સિલો જુદી છે. ભારતની કાઉન્સિલના સદર અથવા અધ્યક્ષ છે શ્રી બદરુદ્દીન મોરાની ! આ કેન્દ્રની નીચે પ્રદેશ અથવા ઈલાકાની કાઉન્સિલ હોય છે. દાખલા તરીકે મુંબઈની કે સૌરાષ્ટ્રની 'રીજીઅનલ કાઉન્સિલ' કહેવાય છે. એની નીચે લોકલ કાઉન્સિલ અથવા સ્થાનિક વ્યવસ્થાતંત્ર આવે છે.

આ બધી જ સંસ્થાઓના હોદ્દેદારો માટે ચૂંટણી થતી નથી, પણ નામો સૂચવવામાં આવે છે અને અરજી સર્વોચ્ચ ધર્મગુરુને કરવામાં આવે છે. બધી જ નિમણૂકો ઉપરથી કરવામાં આવે છે. જેમાં સગાવાદ કે ભાઈ-ભત્રીજાવાદને સ્થાન નથી. ધોરણ માત્ર યોગ્યતાનું જ છે, સમાન લોહીનું નહીં.

આ ધન ચાર હેતુઓ માટે વપરાય છે : શિક્ષણ, સ્વાસ્થ્ય, સામાજિક-આર્થિક ઉદ્દેશો અને ધાર્મિક સંસ્થાઓ ! સ્કૂલો, ધર્મશાળાઓ અને અન્ય સાર્વજનિક સંસ્થાઓને ગ્રાન્ટ અપાય છે.

૧૮૪૭માં ખોજા જાતિના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ કિસ્સો બની ગયો : હાજીભાઈ મેરાલી અને સાજનભાઈ મેરાલી બે ભાઈઓ હતા. હાજીભાઈનો ઈન્તકાલ થયો. વિધવાનું નામ હતું સોનબાઈ તથા બે પુત્રીઓ હતી : હીરાબાઈ અને ગાંગબાઈ ! કાકા સાજનભાઈના મૃત્યુ પછી દીકરીઓએ દાવો કર્યો કે અમે મુસ્લિમ ધર્મ પાળીએ છીએ અને અમારો ચુકાદો મુસ્લિમ કાનૂન પ્રમાણે થવો જોઈએ. પિતા હાજીભાઈની મિલકતમાંથી અમને વારસો મળવો જોઈએ.

જજ સર અર્સ્કીન પેરીએ છોકરીઓની વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો અને લખ્યું હતું : 'ખોજાઓની ભાષા કચ્છી છે. તેમનો ધર્મ મુસલમાની છે અને તેમનો પહેરવેશ, રીતભાત અને દેખાવ હિન્દુ છે. ખોજાઓ ઘણે ભાગે હિન્દુ કોમો વચ્ચે વસે છે. કચ્છ, કાઠિયાવાડ અને મુંબઈ એમનાં ખાસ મથકો છે... તેઓ નામદાર આગાખાનને માને છે કે જે એક ઈરાની ઉમરાવ છે.'

ખોજાઓ પર હિંદુ અસરો અત્યંત સ્પષ્ટ છે. તેઓ ભાટિયા અને લુહાણા તેમજ અન્ય વૈશ્ય જાતિઓમાંથી વટલ્યા છે એ સ્વીકૃત હકીકત છે. ૧૮૪૭ સુધી એક પણ ખોજાને અરબી કે ફારસી આવડતી ન હતી એવું પ્રમાણ છે. કાઢિયાવાડનાં દેશી રાજ્યો કે કચ્છના રાવની સેનાઓમાં ખોજાંઓ ક્યાંય દેખાતા નથી ! પણ જૂનાગઢના ખજાનચીનો હોદ્દો પેઢી દર પેઢી ખોજાઓ પાસે હતો. શેઠ કાસમભાઈ ઈસ્માઈલ રાજ્યના ખોજા ખજાનચી હતા. આજે પણ ભારતના ખોજાઓ ગુજરાતી સરસ જાણતા હોય છે અને આપસમાં ઉર્દૂ વાપરતા નથી. (પાકિસ્તાનમાં નવી પેઢીની ભાષા બદલાઈ રહી છે.) ખોજા સમાજમાં હજી આજ સુધી બાળકના જન્મ પછી 'છઠ્ઠી'નો

ઉત્સવ થતો હતો. લગ્નના રિવાજો પર ઘણી હિન્દુ અસર છે અને વારસઅધિકાર વિષે તો હાઈકોર્ટોની ફાઈલો ભરેલી છે.

મહાન ખોજાઓમાં પ્રથમ નામ લેવું પડે મહમ્મદ અલી ઝીણાભાઈ પૂંજાભાઈનું ! દાદા પૂંજાભાઈ લોહાણા હતા, પિતા ઝીણાભાઈ ઈસ્નાઅશરી ખોજા હતા. મુંબઈ આવીને પૂંજાભાઈના પૌત્ર મહમ્મદ અલી ઝીણાએ જિન્નાહ નામ ધારણ કર્યું અને પાકિસ્તાનના રાષ્ટ્રપિતા બની ગયા. ગુજરાતની ધરતીએ જે મહાન પુત્રો પેદા કર્યા છે એમાં મહમ્મદ અલી ઝીણાનું નામ એક મશાલની જેમ ચમકી રહ્યું છે.

હાજી મહમ્મદ અલારખિયા શિવજીએ 'વીસમી સદી' માસિક શરૂ કર્યું હતું. આપણાં પત્રકારત્વના એ સ્થાપક ગણાય. કનૈયાલાલ મુનશી અને રવિશંકર રાવળે પ્રથમ એમના 'વીસમી સદી'થી જ આરંભ કર્યો હતો. આજે પણ 'વીસમી સદી' જેવાં સદ્ધર સામયિકો બહુ ઓછાં છે. એ પણ ઈસ્નાઅશરી હતા.

બીજું એક મહાન ઈસ્નાઅશરી નામ હરજી લવજી દામાણી. જેમને ગુજરાતી પ્રજા 'શયદા'ના પ્યારભર્યા તખલ્લુસથી ઓળખે છે. ચાર ગુજરાતી ભણેલા, ધોલેરાવાળા શયદા એમની બહુમુખી પ્રતિભાથી ગુજરાતી વાચકોનાં દિલોદિમાગ પર છવાઈ ગયા. એમણે 'બે ઘડી મૌજ' આપ્યું અને સામાન્ય જનને વાંચતો કર્યો.

રાજનીતિમાં મહમ્મદભાઈ કરીમ ચાગલા મશહૂર છે. એ ઈસ્માઈલી ખોજા મુંબઈ હાઈકોર્ટના જજ હતા, પછી વિદેશમંત્રી રહ્યા. આજે આપણા મૂર્ધન્ય રાજનેતાની ભૂમિકા નિભાવી રહ્યા છે. ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન આબિદઅલી જાફરભાઈ પણ ખોજા હતા. ભારતીય સમાજવાદી પક્ષના સ્થાપકોમાંના એક, જવાનીમાં ગુજરી ગયેલા પ્રખર બુદ્ધિજીવી યુસુફ મહેરઅલી પણ ખોજા હતા.